શ્રી રામ ચંદ્રાય નમો નમઃ

શ્રીરામ કૃષ્ણલીલા ના ગાયનો.

કર્તા.

શા. દાહ્યાભાઇ પુંજાભાઇ

છપાવી પ્રસીદ્ધ કરનાર.

શા. છોટાલાલ હરીલાલ

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦.

અમદાવાદમાં ધીકાંટે
કંદોઇની વાડીના મેડા ઉપર શા. કેશવલાલ
ગુલાબચંદે પોતાના ધી ચંદ્રપ્રકાશ પ્રીન્ટીંગ
પ્રેસમાં છાપા

સંવત ૧૯૫૮   સને ૧૯૦૨

કીંમત બે આના.

શ્રી રામ ચંદ્રાય નમો નમઃ

શ્રીરામ કૃષ્નલીલા ના ગાયનો.

કર્તા.

શા. ડાહ્યાભાઇ પુંજાભાઇ

છપાવી પ્રસીદ્ધ કરનાર.

શા. છોટાલાલ હરીલાલ

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦૦૦.

અમદાવાદમાં ધીકાંટે
કંદોઇની વાડીના મેડા ઉપર શા. કેશવલાલ
ગુલાબચંદે પોતાના ધી ચંદ્રપ્રકાશ પ્રીન્ટીંગ
પ્રેસમાં છાપા

સવત ૧૯૫૮   સને ૧૯૦૨

કીંમત બે આના.

પ્રસ્તાવના.

સુજ્ઞ હરીભકતો!

આ જગતમાં સર્વે મનુષ્યને પ્રભુ ધામમાં જવાની ઇચ્છાછે, પણ તેનો ખરો રસ્તો મુકી દેઇ આ જગતના પ્રાણી કામ, ક્રોધ, મોહ, લોભ, માયા વીગેરે પંચ વિષયમાં લુબ્ધ થઇ પડયા છે તેમાંથી ઘણાતો એમ પણ કહેનારા નીકળે છે કે પરમેશ્વરે જે દેહ બનાવ્યો છે તેની ક્રીયા જે જે ઇંદ્રીયોને સોંપેલી છે તે પ્રમાણે વરતે, તેમાં કાંઇ આપણી ભુલ નથી, એવીરીતે ઉંધા વિચારે દોરવઇ જઇને આત્માને નરકમાં નાંખે છે એ ઘણીજ ભુલ છે હવે તેનો ખરો રસ્તો તો એમજ છે કે શ્રી રામચંદ્રજી અને શ્રી કૃષ્ન ભગવાનની ભકતી કરવી તેજ છે જો તેમ કરવામાં આવે તો મનુષ્ય નિશ્ચે મોક્ષગતીને પામે તેમાં કાંઇ સંસય નથી તેમજ તુલસીદાસે કહ્યુંછે કે—

પરધન પથ્થર માનમંન, પરસ્ત્રી માત સમાન;
એટલું કરતાં જો હરી ન મળે તો, તુળશીદાસ જમાન

ઉપરના દાખલા ઉપરથી જણાય છે કે પ્રભુ ધામમાં જવા ઇછનારાઓએ મુખ્ય ઉપરની ટુંકને અનુસરીનેજ ચાલવું જોઇએ.

આ ચોપડી રચવાનો અમારો પહેલોજ યત્ન છે માટે તેમાં જે કાંઇ ભુલ હોય તે ક્ષમા કરશો એવી કર્ત્તાની આશાછે.

શ્રી

રામ રામ

રામ રામ રામ

રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ રામ રામ

રામ રામ રામ રામ રામ

રામ રામ રામ

રામ રામ

શ્રી

શ્રી સિતારામચંદ્ર દેવકી જય.

શ્રી રામસ્તુતી

૧

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન હરન ભવભય દારૂણું
નવકંજ લોચન કંજમુખ કરકંજ પદકંજારૂણં
કંદર્પઅગણિત અમિતછબિ નવનિલ નિરજસુંદિર
પટપિતમાનહુ તડિત રૂચિસુચિનોમી જનક સુત્તવરં
શિરકિરિટ કુંડલ તિલકચારૂ ઉદાર અંગ વિભુષણું
અજાનુભુજ શરચાપધર સંગ્રામ જિતખરદુષણં
ભજ દીનબંધુ દીનેશ દાનવદલન દુષ્ટનિકંદનં
રઘુનંદ આનંદકંદ કૌશલ્યચંદ દશરથ નંદનં
ઇતિવદિત તુલસિદાસ શંકર શેષમુનિ મનરંજનં
મમહૃદય કંજ નિવાસકુરૂ કામાદિ ખળદળ ગંજનં

૨

ગુરૂ ગોવિંદ કૃપાનિધિ કેશવ કમળાનાથ કૃપાળ
કમળનયન કરૂણાસાગર શ્રી કૃષ્ણહરે ગોપાળ
ગોપીજન વલ્લભ ગીરધારી ગોપીનાથ ગોવિંદ
ગોકુળેશ ગરૂડધ્વજ ગોવરધનધારી વ્રજચંદ
ગોકુળચંદ્ર ગદાધર ગોમતીપ્રિય રમેશ
નારાયણ નરસિંહ નિરંજન નિરાકાર નરેશ

નરકાંતિક નરવીર નરોત્તમ નંદલાલ નરરૂપ
જગન્નાથ જગશાઇ જનાર્દન જોતીરૂપ જગભુપ
જગદાધાર જશોદાનાનંદન જુગજીવન જુગનેશ
શ્રી જુમના વલ્લભ જુગવંદન જુગદીશ્વર જમુનેશ
ચક્રપાણી ચતુરભુજ અચ્યુત ચિદાનંદ શુભકંદ
ચતુર્બાહુ ચાણુંરતનમર્દન શ્રીધર પરમાનંદ
દયાસિંધુ દામોદર દીનપતિ દીનાનાથ દયાળ
દીનબંધુ પ્રભુ દેવકીનંદ નરપતિ સુરપતિ પાળ
શ્રીપતિ પદ્માપતિ રાધાપતિ કમળાપતિ ભવેશ
દધીજાપતિ રૂક્ષ્મણી પતિસાગર સીતાપતિ રૂષીકેશ
પદ્મનાભ પુરૂષોતમ પરીબ્રહ્મ પરમ પુરૂષ પરમેશ
પુષ્કરાક્ષ પરમાક્ષ પરમપ્રભુ મધુસુદન મથુરેસ
ધરણીધર અવનીધ ભૂધર વસુમતિ મહીધારી
કૌસ્તુભવર પીતામ્બરધર વસાધર કુંજવિહારી
માધવમુરમર્દનમધુમર્દન મતી વિક્રમ સુખધામ
મુકુંદ મેઘવર્ણું મહાબાહુ જદુપતી સુંદર સ્યામ
શ્રીરામચંદ્ર પ્રભુ દશરથ નંદન દયાસિંધુ ભગવંત
માપાહી માપાહી પાહીમા પુર્ણાનંદ અનંત
અષ્ટોતર શતનામ કૃષ્નનાં ગણીગણી જેજન ગાય
રોગ દોષ દુખકલેશ જશે વળી પળમાં પાપ પળાય
મનવાંછિત ફળ તેને મળશે દયો કહે ધ્રુવાણી,
કોટિક કાર્ય તજીને ભજીએ દ્રઢકરી સારંગપાણી

શ્રી રામકૃશ્ન લીલાના ગાયનો.

(૧) નમું પદે ગીરીજાપતીને

પ્રભુ હરો ભવ ફ઼ંદ બીતીને,
દુરબલ દેહજ દાસજ તારો, વિનવે હરગડી વારે
કૃપા કરી દયા ધરી આપો સુમતાને પ્રભુ
પ્રભુ અયોધ્યાના રાજ કીધા ભકતોના બહુ કાજ
શરણુ વછલ શેવક ગુણ ગાયે, રાખો પ્રભુ શરણે
બાય ઝાલી પ્રભુ તારી, આપો સુમતીને પ્રભુ

(૨) આજે અનંદ આનંદ

આજે આનદ દીવસ ઓછવ થાયે,
રઘુપતી ધીરાજના ગુણ ગવાયે,
ગાવેથી ગુણ મલે, ત્રીવીધીના તાપ ટલે, જય જય જય આજે
ઝુલતે નદ કીશોર વંદ્ર દ્વારકાપતી
ગુણ ગાયે તેની થાયે નીરમલ મતી
તેમને શરણે જાયે, પાપથી મુકત થાવે, જય જય જય. આજે

(૩) બંધકીલો બાપુ છે શું કામ

શ્રી રામજી કેરે દ્વાર, ચાલો દરશન કરવારે, શ્રી રામજી
છત્ર શીંહાસન શ્રી હરી બેઠા, ચમર ઢોલે હનુમાન
ચાલો દરશન કરવારે, શ્રી રામજી કેરે દ્વાર
મોર મુગટ મકરાકર કુડલ, ભાલ તીલક વિશાલ. ચાલો
કેડે કંદોરો શોભે છે સારો, પાયે નીપુરનો ઝણકાર. ચાલો
સોનેરી વાધા શોભે છે સારા, વિનવું વારંવાર ચાલો
પીતાંબર પ્રભુએ ધર્યાં છે, કંઠે મોતીની માળ. ચાલો

નિરખી છબી શ્રી રઘુનાથની, આનંદ અંગ ન માંય ચાલો
શ્રી રામ શેવક મંડળી ગુણ ગાયે, પ્રભુ આપો કેવલ સદજ્ઞાન. ચાલો

(૪) વંદન કરીએ

શ્રી હરી હર નમુ હુ પાય લાગી તમને
કર જોડીને વીનતી કરૂછું શરણ વછલ તમે
ગુણીના ગાતા ત્રીભોવન ત્રાતા જય જય કરો રામજી જય જય કરો શ્રી.
સાખી—ધરમ ધુરંધર ધીર તમે, સીતાપતી રઘુરાય
શેવકના દુ.ખ કાપવા, પ્રગટ થાઓ માહારાજ
ભવ દુઃખ મોચન, રાજી વલોચન, રામ રદય વસ્તા,
જય જય પાસ વંદુ ખાસ, શીશ નામીને, પ્રભુ શીશ નામીને, શ્રી

(૫) રાસ.

નટવર નાગર નંદકુમાર, રાસ રમે શ્રી જગદાધાર
રાજનગર રમણીક અપાર, રામજી કેરે મદીર દ્વાર
હરીજન સગે સરજનહાર, થેઇ થેઇ નાચે કૃશ્ન કૃપાલ
નાચે નચવે નદ કીશોર, પ્રેમી જીવના જીવન દોર
ફરરર ધરરરપટ ભુગળ થાય, અરસ પરસ નવ રસ વરશાય
રૂમ ઝુમ રૂમ ઝુમ નાચ નચાય, ઠુમ ઠુમ ઠુમ ઠુમ ઠમકો થાય.
રંગભર સુદર રાસ રમાય, ભાગ ભત્રના ભાવટ જાય
રમ્યા રસીક પ્રભુજી રાસ, દાસ હરીનાએ ગાયો ખાસ
પરસન થાજો દીન દયાલ, શેવકની લેજો સભાલ

(૬) બંસીવાલા આજારે.

રઘુપતી સ્હાય થજો મહારાજ, મારા પ્રાણ તણા આધાર, રઘુપતી
સાભરજો વિનંતી શ્રીહરીરે, શેવકની આવાર;
વારી વારી લેઉ તારાં વારણા, પ્રભુ દીન બધુ દાતાર, રઘુપતી
દ્રુપતીને તમે સ્હાય કરીને, સભામા પુર્યા ચીર,

જેમાંથી બચાવીઆ, પ્રભુ મજારી કેરાં બાળ; રઘુપતી
શેવક તમને વીનવેરે, કર જોડી લાગે પાય,
બુધ્ધી આપો બાળને. પ્રભુ સદાયે રાખો લાજ; રઘુપતી

(૭) પ્રાણી મારૂ મારૂં તું શું કરેરે

ભજી લેને તું રામજીના નામનેરે, તેથી તરીશ આ સંસાર તુજ જીવડા
સાખી—લટપટ ખટપટ છોડીને, ભજને શ્રી રઘુરાય
રઘુરાય ભજવા થકી, વારૂ સરવે સુધરસે આજથીરે, તેથી
સસારમા જનમી અરે જીવ સારથક તેં શુ કર્યું,
લખ ચોરાશી કેટલીવાર ફર્યો, માયાનુ કાર્ય આચર્યું;
સાખી—માયામા લબ્ધય થયો, આચર્યા ખોટાં કર્મ,
જમ જે વારે ઝાલશે, પીલસે નાંખી ધરણ; ભજી લેને.

(૮) સુંદર સામલીયા

લક્ષ્મી પતીના રાજ, બાહ્ય ઝાલીને તારો,
ભકતોના તારણહાર, હુ છું દાસ તમારો. લક્ષ્મી પતીના
અહલ્યાને પ્રભુ તમે તારી, કુબજાને પ્રભુ તમે ઓધારી,
દ્રુપતીની પ્રભુ લજા રાખી, ભાજી વીદુરની ખાધી, લક્ષ્મી પતીના
નરસી મેતાનાં કામજ સારી, દ્વારકાની હુડી શીકારી
ભકતોની ભીડ ભાગી, લક્ષ્મી પતીના રાજ
શ્રીરામ શેવક મડલી નામી, ગાય અપાર પ્રભુ ગુણ ગામી,
છો અત વખતના સ્વામી, લક્ષ્મી પતીનારાજ.

(૯) આશાગોડી.

સમરરે સમરરે સમરરે સીતારામનુ નામ સમરરે
જુઠી જગતકી આશ તજીદે, એક હરીને સમરરે, સીતારામનું
સુતવીત દારા કુટબ કબીલો, એહ થકી તું ડરરે, સીતારામનું
ચાર દિવસ આ જીવતર તારૂ, મોહ મછર પરહરજે. સીતારામનું

સુખ સંપત શરવે સ્વપનુ જાણી, ભજન ભરૂશે ફરજે, સીતારામનુ
દાસ દયાના શ્વામી ભજીને, હરીરસનો પાન કરજે, સીતારામનું

(૧૦) પ્રીતીના પંથનો ગ્રંથ

રઘુપતી પ્યારા રદયના તારા, વશીયા છો માહારાજ
શેવકના પર કૃપા કરીને, દરશન દો મહાગાજ,
કલ્યાણુ કારક હરી તમે છો, વશીયા અયોધ્યા માહ્ય,
કુબજાના ઘર પવીત્ર કીધા, શરણ વછલ મહારાજ
સવરીરે બઇનાં બોરાંરે ખાધા, પચવટી મોઝાર,
સુદામાનાં તાંદુલ ખાધા પાવન જશ માહારજ
અનેક ભકતોની લજા રાખી, લક્ષમીપતી માહારાજ
આત્રી ડાહ્યો પાયે નમે છે, ગુણ ગાવું માહારાજ.

(૧૧) સૃષ્ટીમાં અમ્રત વૃષ્ટી.

રઘુપતીને જોઇને મન મોહાની લાગી રહી,
મોહીની લાગી રહી મન મોહીની લાગી રહી. રઘુપતીને
મન મોહન સુખ શાંત છબી, કોટી શશીલાજે સહી.
તેજ ભારી ચદ્ર લાજે, સુરજ શરમાયે સહી, રઘુપતીને
શામ સુદરને જાઉ વારી, સુધ બુધતો વીસરી ગઇ.
મનડુ મોહ્યુ લાડીલાની સગે ચીત્ત બીજે ચોટે નહી. રઘુપતીને
સોનેરી શોર મુગટ શોભે, જરકશી જામો સહી,
દર્શન કરતાં શ્રી રામના મારી ભાવટ ભવની તો ગઇ, રઘુપતીને

(૧૨) માઢ.

મારા રઘુવર શ્રી માહારાજરે, તમે વેલા પધારો રાજ
મારા પ્રાણુ તણા આધારરે, તમે વેલા પધારો રાજ
લોકડીઅની પ્રીતડીરે, જોડી તમ સગરાજ
પ્રીત કરી છે સામલારે, સમજીને સુજાણ તમે

વારી વારી લેઉ તારાં વારણારે, પ્રાણ કરૂ ખુરબાન
દોશ ન જોશો તમે ભુદરારે, ગુણ ગ્રાહક ગોપાલરે   તમે.
જેવા તેવા અમને જાણીનેરે, નાથ તમારા દાસ
દાસ હરીનો વીનવેરે, તેડી રાખો પાસરે   તમે.

(૧૩) ક્ષત્રીકલંક

સુણ પાપી જીવ ચડાળ, પ્રભુને તું કેમ ભુલેરે
તારી રોજ લેછે સભાળ, એ હરીને તું કેમ ભુલેરે
એ પ્રભુછે દીન દયાલ, પ્રભુ. જેણે ઊગાર્યા મંજારીનાંબાળ, એ.
જેનો મહીમાછે અગમ અપાર, પ્રભુ શહસ્ત્રફેણેભજતાંશેશપામેલાર, એ.
છે ભકત આધીન ભગવાન, પ્રભુ ખાધા ભાજી તજીને પકવાન એ.
ધર્યા અમરીશ માટે દશઅવતાર, પ્રભુ. એવા પરમ કૃપાલુ કીરતાર, એ.
રાણાજીએ મીરાને દુ ખ દીધુ, પ્રભુ. મોકલ્યુ ઝેર તેનુ અમ્રૌત કંધુ, એ
ઘણી રીતે દુભાવ્યા મીરા બાઇ, પ્રભુ એને લીધા રૂપમારૂપમમાંઇ, એ
હીરણાકસ્ય હણ્યો નરશગરૂપ ધરી, પ્રભુ. ઉગાર્યો પ્રલાદને પક્ષકરી, એ
ચડયા દ્રુપદીનીવારે જદુવીર, પ્રભુ. પુર્યા નવશે નવાણુ ચીર, એ
સુદામાનુ દરીદ્ર કાપ્યું, પ્રભુ. એમુઠીમાઅપાર ધન્ય આપ્યુ એ
એવા અનેક ભકતના દુ ખ કાપ્યાં પ્રભુ. મછાઅવતાર ધરીને વેદવાળ્યા. એ
ઘણુ વર્ણન કરતા પામીએ ન પાર, પ્રભુ કરજોડી દાસ વીનવે વારવાર એ.

૧૪ ઇંગ્રેજી

આવો આવો રશીલા પ્યારા છોગાળા, મધુર મધુર મોરલી વાલા
છબીતારી, શોભાસારી, રસીલા રસીક છો લટકાળા

સાખી

શાંમ સુદર છબી મોહની, પ્રિત રસીક મન પ્રેમ
મોરલી બજાવી મન હર્યું, કીધી બ્યાકુળ વ્રજ
શામણ કર્યા રસીએ લાલા, વીનવે ડાહયો કરજોડી પ્યારા   આવો

૧૫ ઈંગ્રેજી

રશીલા વાલા મા...રારે, છબીલા પ્યારા મા...રારે
અલોકીક તા...રી, છબી અતીભા...રી, મનહર્યું વા...સે રસીલા
દયા દીનતા કરોરે, અરજી તમો ઉર ધરોરે
પતીત પાવન કરોરે, કૃપા કરો મા...રા રસીલા
શેવક પાયે પડેરે, ડાહયો નીતે નમેરે, ક્ષમા...મા...ગુ. રસીલા

૧૬ પાતરીઆ પરીશ્રમ લો શાને

શામળીઆ હું શરણે તમારી રાખજો, સદા પાસ સદા પાસને
મોહ ભર્યા મોહનદાની રાખજો, સદા પાસ સદા પાગને
ભકતો આવી નમે પાયે પડી તને, પ્રિત રસાકને આ...આનામુ
મોહનરે મારા, મોરલીરે વાળા, પ્રિતનારે પ્યારા
ગોકુલ કેરા ગોવાલોઆ વાલા, મથુરા કેરા રાજા, સદા પાસને શામ
મોરલીરે વાઇ, મોહભરી ભારી, બ્રીજકોરે નારી
ચીતડુ વાલે લીધુછે તાણી, ઘેલુ કીધુ ગામ, સદા પાસને, શામ.
આવો ડાહયો પાયે પડેછે, રાખો સદા પાસ સદા પાસને શામ.

૧૭ ઓમાનેલી માતેલી

ઓ પ્રભુ મુજને પાર ઉતારો શેવક જાણી મહારાજ
સંસાર રૂપી સમુદ્રમાંથી, કહાડો મુજને બહાર
તેમાંથી પ્રભુ તારજો મુને, શેવક જાણી દાસ ઓ પ્રભુ.
કાયારૂપી વળી વહાણુછે કાચુ, તેમા શો મારો આધાર
શેશ શીવ બ્રહ્માદીક હાર્યા, હુ શેણુ રંક મહારાજ ઓ પ્રભુ.
માટે શેવક પાયે નમેછે, કરજોડી લાગે પાય
કૃપા કરીને તારી લેજો, દાસ દયાનો શામ ઓ પ્રભુ.

૧૮ અરે જંજારી જીવડા.

અરે ઓ કાયા તેરી જેસી ફુલકી કલી, મતરે સભાલ જીવડા
મતરે સભાલ જીવડા મતરે સભાલ જીવડા. અરે

જીવ પલકમાં ઝબ ચલા જાયગારે, ફીર પછે પસતાયગારે અરે
ઇસ જગતમે કછુ સાર નહિ દેખારે, રટ હરીકો ધ્યાનરે અરે
કાયા તારી છે માટી કેરી મણુકીરે, ફુટી જાસે ને થાયે રણુકીરે અરે
કાયા તારી જોને કાઠી કેરા કટકારે, આગ જલાવે થાયે ભડકારે અરે
કુપદ હેગે થકી છોડીદો વીરા મારા, ભજોને ભાવથી કીરતારરે અરે
રામ શેવક અરજ કરેછેરે. હરી ભજે તેને લાગુ પાયરે અરે

૧૯ ગરબો રૂડી રળીઆરી રાત.

ચાલો જઇએ સઉ આજ, ચાલો જઇએ સઉ આજ,
હેતેથી પ્રભુના ગુણ ગાઇએ
પુજુ રઘુપતી પાય, પુજુ રઘુપતી પાય,
આનદ થાસે ભાઇઓ હેતથી ચાલો
આનદ થાસે અપાર અપાર મલસે હરી રસનો ભડાર
સાન્તી થાસે સુખ રમણી ચ.લો
પુજીએ પ્રભુને પ્રેમથી, અતર અરગજા સાર,
તેલ ફુલેલ લગાવીને, વીધ વીધ ધુમ મસાર
પ્રભુની પ્રેમથી પુજા કીધી, સરવે સામગ્રી આગળ મુકી
જરકસીઓ ઝામો ધર્યો માથે મુગટ વીસાલ
કાને કુંડલ શોભતા કઠે મોતીમાળ
બસી વાગીરે, વાલાજીની બંસી વાગીરે,
બસીથી મારૂ મનડુ મોહ્યુ બસી વાગીરે
સુદીર રચના સીબની, સોભાનો નહિ પાર
વારી વારીને શું કહું, શેષ ન પામે પાર
એની શોભાનો નહિ પાર, એની શોભાનો નહિ પાર
આનંદ થાશે ભાઇઓ હેતથી ચાલો

૨૦ આસુ આસુ કે ચોમાસું.

રામજી અરજ કરેછે દાશ તમારે આશરે,
પ્રભુ બાય ઝાલીને તારો કહાડી બારણે રામજી
રતન સીગાસન બેઠા સ્વામી, શોભે સુદર દેહ
તુમ મુખ કેરૂ દરસન કરતા વરશે અમરત મેહ રામજી
ચરણ પખાલી પાતળીઆના ચરણાંમ્રત હુ પાંઉ
અવતાર મારો સફળ થાયને ક્ષ્ન ચરણ ચીત પરોઉ રામજી
સરવે પ્રાણી સરખા ગણવા, ભાણ ભાવ નહિ લગાર
દાસ હરીનો તાગી લેજ્યે, ઉતારો ભવપાર રામજી

૨૧ નસીબ ખુલતા આજરે

નટવર નદજીનો લાલરે, મારે અતર વસીઆ
એણે કામણ માર્યા કકરે, મારે અતર વસીઆ
પચરગી સાર મુગટ શોભે, રૂપાળા રાજીવ નેણરે મારે
કાના ગીરધારી છેલ ગુમાની, નીરખી છબી નદ લાલરે મારે
મુરતી તારી અલોકીક સારી, તારી ભ્રકુટી મોહક બાણરે મારે
લાલજી લહેરી થઇશું હુ ઘેહેલી, સલુણા સીદ શરમાવોછો મારે
કાનકુવરનુ રૂપ જોઇને રામજી મડળી ગુણ ગાય છે મારે

૨૨ ઓ અલબેલા આવો

રઘુપતી વદન જગદાનદન, આનદ કદનરે
મોહનલાલા મધુરી માળા, પ્રિતીના પ્યારારે
મીરાને મન વસીઆ, પહેલ્હાદને થભે વસીઆ
દેવતાને શાહ્ય કરી મોહન વનમાળ
પતીત પાવન મનને ભાવન, સુખના સાગરરે રઘુ

(૨૩) અર્થ દોડાવી.

ચરણે શીસ નમાવુ સ્વામી બેઉ કરજોડી આજ
આનદ વાધ્યો દરશન કરતા, શ્રી રઘુપતી માહારાજ ચરણે

શાલ્ય થાવો શ્રી ભક્તો ઉપર પુરણ કલા વૃજરાજ
સુખકારી શ્રી હરી તમો છે, પ્રાણતણાં આધાર ચરણે
સીંગાશન પર બેઠા પોતે, માથે મુગટ વીશાલ
કાને કુંડલ પાયે નેપુર કંઠે મોતીમાલ ચરણે
નીખશીખ મુરતી, નીરખી હુતો મગન થાવુ માહારાજ
દાશ હરીનો પાયે નમેછે, દરશન દો માહારાજ

(૨૪) ઓધવજીના.

રઢીઆરા રઘુવીરકે જગદા ધારજો, શેવકની પ્રભુ કરજો તમે વારજોરે
મીરાબાઇના ઝેર હળાહળ પીધાજો, પચારીના પુરયા તમે ગીરજોરે
પ્રહેલાદના થંભે તમે વસીઆજો, નેભામાથી બચાવ્યા મજનરીના બાળજોરે
હેવા અનેક દુખ દેવતાના ભાગ્યાજો, દાશ હરીના સ્વાંમી કરજો શાહજોરે
શરણે રાખો સદા તમારી પાસજોરે, રઢીઆરા.

(૨૫) સમજ સમજ સુઢમાન

ભાવ થકી ભગવાન ભજોરે ભાઇઓ, ભાવ થકી ભગવાન ભજો
જે જન હરીને નવ ભજશે, એનો એળે ગયો અવતાર ભજો
પ્રભુને ભજ્યાથી મુકતી મલશે, જનમ મરણ મટી જાય ભજો
કોઇ જન પ્રભુને વીસારશે, અંતે પામે નરકની ખાણ ભજો
સસાર માયા સઘળી તજીને રાખો વીશ્વભર પાસ ભજો
શ્રી રામ શેવક અરજ કરેછે, આવો અવસર નહિ આવે હાથ ભજો

(૨૬) જેને ચીંતા નથી ચીતમાં.

પ્રભુ લજા રાખો ભકતની આધાર ધાર શેવકની લેજો સંભાળ ભાલ
લાજ રાખી પ્રભુ ઘણા ભકતની, કરૂણા નીધી પ્રબલ રાજવી
કેશવ કૃપા નીધી આધાર ધાર, પ્રભુ
પરી બ્રહમ જેની કરતી કહાવે, અગમ નીગમ હરીહર કહાવે
શષ્ટીના પાલન સબ કહાવે, શેષ જેવા પણ પાર ન પામે
ગાવુ ગુણ અપાર પાર પ્રભુ

નમુ બેઉ કરજોડી પાયે, ડાહ્યો તમારા પ્રભુ ગુણ ગાવે
ગાઇ લીલા અપાર પાર પ્રભુ

(૨૭) રાસ

રઘુવર રાસ રમે થેઈ થેઇ આજે મલી સઉ બ્રીજકી સુંદરીઓ નાર
એક એક ગોપીને એક એક કહાનજી, જાણે મલયા સરવે વ્રજકેરા રાજ

સાખી—મોર મુગટ સીરપર ધરયો, મુખ મોરલી ગમધોર
બ્રિંદ્રાબનકી કુંજમે જે જે જુગલ કીશોર

થેઇ થેઇ નાચે નચવે કહાન મોરલી બજાવી ઘહેલુ કીધુ ગામ
તનન તનન તાલ બાજે ઝનન ઝનન ઝમકે પાયે
રાધા ગોવીંદ રમ્યા છે, રામ ગુણ ગાયે ડાહ્યો કરીખાસ રઘુ

૨૮ જોડોરે કુંવર મારા હાથને

પાયે પડીને રામજી માગીએ, અમને તમારો આધાર
પ્રભુ તમારો આધાર, પાયે પડીને રામજી માગીએ
સદા થાવો તમે સાહય, સદા થાવો તમે સાહ્ય પાયે
સસારરૂપી જાળમારે, પ્રાણી ફસયા અનત પ્રાણી ફશાયા અનંત
તેમાંથી પ્રભુ મુનેતારજો જાણી શેવક સત જાણી શેવક સંત પાયે
કરગરો કહીએ કૃપાનીધીરે એવા કરૂણાનીધાન, સાહ થાવો તમે શ્રીહરી
રામજી શેવક ગુણ ગાય પાયે

(૨૯) મોતીઓ વારા રણછોડજીરે

રૂડા રામજી કેવા શોભતારે, જેથી આનદ અંગ ન માય હોલાલ, રૂ.
રત્ન શીંગાસને ઉભા રહ્યારે, સાથે સીતાને લક્ષમણ વીર હોલાલ, રૂ.
હીરાનો મડપ દીસે સોયામણોરે, તેની શોભા વરણી ન જાય હોલાલ રૂ.
રૂડા રગીન ચીત્રો શોભતારે, હાડી ઝુમર તકતા અપાર હોલાલ, રૂ.
હરીને પાયે ચાદીની મોજડીરે, તેમા ઘુઘરીનો ગમકાર હોલાલ; રૂ.
પ્રભુએ પીતાંબર પેરીઆરે, વાધા પચરગી ભાતના હોલાલ, રૂ.
કરમા ધનુષ બાણ શોભતારે, કોટમાં હેમ તણા શણગાર હોલાલ, રૂ.

મુસ્તક મુગટ શોભતોરે માને કુંડલ ઝળકે અપાર હોલાલ, ૩.
પ્રભુના દરશન થાયે સવારમારે આરતી ઉતરેને ધોળ ગવાય હોલાલ, ૩
જે જન પ્રભુને નીરખતારે, તેના જનમ મરણુ દુઃખ જાય હોલાલ, ૩.
ગુરૂ લક્ષમણદાસની વીનતીરે, હરી ગુણ ગાયે ગવાડે દીનરાત હોલાલ, ૩.

૩૦ બનજારા

દેખો દુનીયા છે દીવાની. તેમાં કાયા તારી કુટાણી
તુ આહકાર સીદને રાખે, તેતો જમ દ્વાર નાખેરે
માટે સમજ સમજ મન મારા હેતે ભજને હરી તુ પ્યારા, દેખો
કાયા કાચો કુભજ જાણો, જીવ મુસાફર પાસ પરમાણોરે
જયા લગી શ્વાસો શ્વાસ દેખાય, ત્યાં લગી તારેતો જણાય, દેખો
મોહ જાળમા જો લપટાશો તોતો આગળ ધકા ખાશોરે,
વિનવી કહેછે હરીના દાશ, હેતે રાખો હરીવર પાસ, દેખો

૩૧ થાળ

છોજી તમે આવો જમાડુ રંગરસીઆ, મોહન મારે મન વસીઆ
આજોહ ધારીને હુતો કયારની આવી પ્રિતમજી કનકથાળ કયારની હુ લાવી
તમને જીવણુ જમાડુ વારી. વારી મોહન
ભાત ભાતના હુંતો પકવાન લાવી, મોતઇઆ લાડુને મરકી છે સારી
હુંતો જીવણુ જમાડુ વારી વારી, મોહન
પેડા પતાસા વરી સાટા છે સારા, પુરી વડાને વરી ચણા છે સારા
મેતો સાક વગારી કરયા સારા મોહન
વાલોર વંતાકને લીલવા વધારયા, કેરા કમદાને વરી બીલા છે સારા
વરી કેળા કંકોડા કારેલા, મોહન
મેતો સુરણ તરયું છે સુંદર ઘી ઝાજે, અડવી રતારૂ પ્રભુ તમ કાજે
તમે જમજો પ્રભુ સવાદે, મોહન
અથાણા જમજો સુંદીર સવાદના લીંબુને મરચા આંબળા આદુના
ભાવે જમજો છોગાળા કુંવર નંદના, મોહન

દાર-ભાત કરયાં સુંદીર સારા, પ્રિતેથી જમજો સુદર ભોગાળા
ચરૂ કરી ઉઠયા પ્રભુ પ્યારા, મોહન
પાનના બીડા ને લવાંગ સેપારી, જાયફલ એલચીને તજ છે સારી
મુખવાસ લેજો મોરારી, મોહન
આ થાળ શીખે જો નરનારી તેની ખબર લે દેવ મોરારી
એમ કેછે ડાહ્યાનો સ્વાગી, મોહન

(૩૨) આરતી રાગ કલ્યાણ.

જય રઘુપતી જય રઘુપતી આરતો ઉતારૂ પ્રભુ પ્રેમેથી કરી
મુર્ત્તીરૂપ ધરી હરી પોતે, મદીર પુરયા વાસ,
જગમગજોત બીરાજે આગળ સુદર સામ સુજાણ જય
નારદ શેશ મહેશર જેવા ધરે હરીનુ ધ્યાન
શંખ ચક્ર પદ્મ બીરાજે ગદાગોરંવર ધાર જય
મુસ્તક મુગટ સોભે સારા કંઠે પુષ્પહાર
પુષ્પ સીગાસન પોતે બેઠા ભકતતણા પતીપાળ જય
તાલ પખાજ તુમ આગળ બાજે ઘટડીનો ધમકાર,
ઝાઝ હાથમા ઝાલા ભકતો નાચે થેઇ થેઇકાર જય
શ્રી રામ મંડલી આરતી ગાવે વાનવે વારંવાર,
કૃપા કરીને તારો લેજો દાશ હરીના સાંમ જય

(૩૩)

પરમ દયાળુ રઘુરામી સીશનામી વંદુ વારમવાર
અશરણ શરણ નામી ગુણગામી અંતર જામી
શરણ તછાળ આધાર
બુદ્ધીથી રચ્યો આ સાર. ભુલ ચુક હોય કરજો માફ
ગુણ ગાવુ તમારા સદાય પરમ દયાળુ રઘુરામી.

અગાઉથી ગ્રાહક થનારના નામ.

૫૧ પા. આતમારામ ઇશ્વર
૫ શા. વાડીલાલ દયારામ
૮ મવાડી જગનનાથ જેશંકર
૫ ભટ શંકરલાલ હરગોવન
૫ મીસ્ત્રી વોહારામ જીવાભાઇ
૫ વ્યાસ મહાશંકર રામનારાયણ
૫ મીસ્ત્રી નથુરામ જેઠારામ
૫ કંસારી જીણાલાલ અચરતલાલ
૬ રઘુનાથ મોતીસીંગ
૫ પા. મગન કાકુજી
૫ શા. ચકુભાઇ ખેમચંદ
૫ શા ફુલચંદ નગીનદાસ
૫ શા. બાપુલાલ ઉમેદચંદ
૪ શા. વરજીવન કેશવલાલ
૩ શા ફુલચંદ મહાસુખ
૨ સુતાર બકોરદાસ મીસ્તરી
૨ પા હરીવલ્લભદાસ રણછોડ
૨ અમીચંદ ગણેશ
૨ હીરા મગન
૧ સુતાર જોઇતારામ બેચર
૧ ચીમનલાલ ગણપતરામ
૧ સુતાર દલસુખરામ શીવલાલ
૧ લવાર ગીરધર દેવકરણ
૧ લવાર ગંગારામ રાયચંદ
૧ મગનલાલ ઇશ્વરદાસ
૧ ભટ ભાઇશંકર દલપત
૧ ઘાંચી મણીલાલ નારણદાસ
૧ મરેઠા વીઠુબા ગંગજી

૧ શા મણીલાલ ચુનીલાલ
૧ ભૈયા ગુલાબગોરી ગોવીંદરામ
૧ ભૈયા રમચંદ્ર કાનુજી
૧ ધુરા ઝાલમ
૧ ગોવીંદ લક્ષમણ
૧ લોહા મગનલાલ મોતીસંગ
૧ મરેઠા પાલાજી બાપુજી
૧ વારંદ ભીખા હીરાભઇ
૧ ભટ કુબેરશંકર રામશંકર
૧ ભટ રેવાશંકર બાપુજી
૧ પા જમના તલસી
૫ ભટ જીવણલાલ રેવાશંકર
૧ સોની પ્રભુ દામોદર
૧ પા. જીજીભાઇ ઇશ્વરદાસ
૧ પા હરીભાઇ બાપુજી
૧ ઘાચી છગન અમીચંદ
૧ વા. કચરા વણારસી
૧ સા વરજીવન ઉમેદ
૧ મેતા જેશંકર વાડીલદાસ
૧ શા અંબાલાલ બુલાખીદાસ
૧ શા. ચીમનલાલ છોટાલાલ
૧ શા રણછોડ દયારામ
૧ શા નગીનદાસ દયારામ
૧ શા. ચુનીલાલ ત્રીભોવનદાસ
૧ શા. મણીલાલ છોટાલાલ
૧ પા. છોટાલાલ મનસુખરામ
૧ શા. મોલાલ દલાચંદ
૧ સુતાર પુંજા બાઇજી
૧ સુતાર શંકર માધવજી

૧ શા દલસુખ ઘેલા
૧ પા. ચતુર નાનાજી
૧ ભટ મણીશંકર લાલજી
૧ શા. ચંદુલાલ પરશોતમદાસ
૧ ઠા ચુનીલાલ ત્રીભાવનદાસ
૧ શા સકરાભાઇ ડોસાભાઇ
૧ શા. છોટાલાલ નરોતમદાસ
૧ લવાર કાલીદાસ કુબેરદાસ
૧ પા શંભુરામ આત્મારામ
૧ ઘાચી છોટાલાલ અંબારામ
૧ ભટ લાલશંકર હરીશંકર
૧ ઘાચી સાકળચંદ હરગોવન
૧ ઘાચી સોમલાલ છોટાલાલ
૧ ભા ચુનાલાલ ગોપાલ
૧ ઘાંચી ચમનલાલ છગનલાલ
૧ ઘાચી સોમલાલ રણછોડ
૧ ઘાચી શીવલાલ છોટાલાલ
૧ શા. ચુનીલાલ રાયચંદ
૧ વ ચમનલાલ બાલાભાઇ
૧ પા. મેઠા પુંજા
૧ પા. લલુભાઇ મુલચંદ
૧ પા. લખમીચંદ છગન
૧ પા હરીભાઇ છગન
૧ પા. સોમનાથ ગગલદાસ
૧ ગા. જેઠાલાલ હરીભાઇ
૧ મી. જીવણલાલ રામશંકર

૧ શા. વનમાલી માણેકચંદ
૧ શા. ચમનલાલ અમરતલાલ
૧ શા. મંગળદાસ મગનલાલ
૧ શા. મોસનલાલ વનમાલી
૧ ઘાચાં નાના કુબેર
૧ દરજી કાલીદાસ બેચરદાસ
૧ દરજી શંકર હીરાચંદ
૧ શા. સકરા ઉમેદ
૧ શા શંભુલાલ લલુ
૧ ઘાચી લાલજી
૧ મહેતા કેશવલાલ રઘુનાથ
૧ ઘાચી સાકલચંદ પાનાચંદ
૧ ઘાચી બેચરદાશ લલુભાઇ
૧ ભટ મગનલાલ ઉતમરામ
૧ બોત્રા ગગલદાસ
૧ ઘાચી કેશવલાલ પાનાચંદ
૧ ઘાચી હરગોવનદાશ કેવલદાસ
૨ સતેશ્વર સાકલેશ્વર
૧ મારવાડી રામાજી
૧ સાંકરેશ્વર મુલજી
૧ મોતીલાલ અમરતલાલ
૧ નાનજી ઇશ્વર
૧ મણીલાલ નગીનદાસ
૧ નાથાલાલ શંકરલાલ
૧ સકરાભાઇ દલપતરામ

જાહેર ખબર.

સરવે હરીભકતોને સુચના.

આ ચોપડીની જે કાંઇ ઉપજ આવશે તે વેમાંથી અમોને થએલુ ખરચ કાપતાં બાકી ઉપજ શ્રી અમદાવાદ શહાપુર રામજીના મ: ખાતે જેમાં જરૂર દેખાશે તે વીશે વપરાશે તેનો સરવે હિસાબ મંડળીના મુખ્ય માણસોને બતાવવામાં આવશે.

બહાર ગામનાને માટે સુચના

બહારગામ વાળાને આ ચોપડી જોઇએ તો ટપાલના કવરમાં અમોને ૦-૧-૬ મોકલવી અગર કોઈ અહીં અમોને તમારા નામે પેસા ભરશે તો તે નામથી દેશાવર મોકલવામાં આવશે સામટી લેનારને કમીશન આપીશુ

કર્ત્તા

શા ડાહ્યાભઇ પુંજાભાઇ

ઠે શહાપુર દરવાજાને બાંચે પીંપલાપોળ

અમદાવાદ.